વર્ષ : ૨, અંક : ૫, સળંગ અંક : ૧૭ દર માસની ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક જુલાઈ : ૨૦૧૩

સતપંથ પ્રકાશ



ગુરુપૂર્ણિમા અંક





છૂટક કિંમત - રૂા. ૯/- વા. લ. રૂા. ૧૦૦/-

વર્ષ : ૨, અંક : ૫, સળંગ અંક : ૧૭ દર માસની ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક જુલાઈ : ૨૦૧૩

સતપંથ પ્રકાશ



ગુરુપૂર્ણિમા અંક





છૂટક કિંમત - રૂા. ૯/- વા. લ. રૂા. ૧૦૦/-

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - ગુજરાત પ્રાંત - સંઘ શિક્ષા વર્ગ - પ્રથમ વર્ષ

પ્રેરણાપીઠ-પીરાણા. તા. (૧૫ મે થી ૫ જુન - ૨૦૧૩ સુધી)



સંઘ સ્થાન : ગુરુકુળ - પ્રેરણાપીઠ-પીરાણા



મા. ડો. એચ.એલ. ત્રિવેદી (અતિથિ વિશેષ) તેમજ
સંઘ શિક્ષાવર્ગના કાર્યવાહકો - સંઘ સંચાલકો



સ્વયં સેવકોનું ગુરુકુળથી પીરાણા ગામ તરફ પદ સંચલન



પ.પૂ. જગદ્‌ગુરુશ્રી સ્વયંસેવકોનું સ્વાગત કરે છે. પદ સંચલનમાં
શ્રી અશોકભાઈ પટેલ (અણીયોરકંપા) - પ્રાંત શારીરિક પ્રમુખ




પદ સંચલન નિહાળતા પૂ. જગદ્‌ગુરુશ્રી તથા સંતો-મહાનુભાવો



પૂ. જગદ્‌ગુરુશ્રી વર્ગાધિકારી શ્રી શૈલેષભાઈ ઝાલાને આશીર્વાદ આપે છે.



પૂ. જગદ્‌ગુરુશ્રી, મા. શ્રી ડો. એચ. એલ. ત્રિવેદી
(સ્થાપક : કિડની ઈન્સ્ટીટ્યુટ ડિરેક્ટર અને પ્રોફેસર)નું
શાલ ઓઢાડી સન્માન કરે છે.



પૂ. જગદ્‌ગુરુશ્રી મા.શ્રી દત્તાત્રેયજી હોસબોલેજી (અ.ભા. સહ સર કાર્યવાહક)
તથા મા. શ્રી ચિંતનભાઈ ઉપાધ્યાય (પ્રાંત પ્રચારક - ગુજરાત)નું
શાલથી સન્માન કરે છે.

સત્પંથ પ્રકાશ | જુલાઈ - ૨૦૧૩

વર્ષ : ૨, અંક : ૫, સળંગ અંક : ૧૭

સત્પંથ પ્રકાશ - લવાજમ દર

	ભારતમાં	વિદેશમાં
વાર્ષિક	૧૦૦=૦૦	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	૨૫૦=૦૦	૧૮૦૦=૦૦
આજીવન	૮૫૦=૦૦	૪૦૦૦=૦૦
અમર	૧૫૦૦=૦૦	૭૦૦૦=૦૦

પ્રકાશક

સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુકસ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોનઃ ૦૨૭૧૮-૨૮૮૮૧૨

E-mail : kutchkadavasssamajtrust@yahoo.in
kkp_pirana@yahoo.com
(Contact : Mob. No. 9427701112)

Website : www.satpanth.org
www.satpanthprakashan.org
www.nishklankinarayan.com

કુરીયર્સ : દ્વિજેશ પટેલ - મો. ૯૯૭૪૨૬૪૪૪૪ / આશિષ પટેલ : ૯૯૭૪૪૯૦૦૦૨
સત્યમ ઓટો કન્સલટન્ટ
૧-એ, જયવિજય સોસાયટી, ઓ.-પલીયડનગર ગાર્ડન, પલીયડ નગર સોસાયટીની નજીક, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા.

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : બી-૫/૬/૭, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, ટોરેન્ટો પાવરની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, ફોન : (૦૭૯) ૨૫૬૩૦૩૭૨/૭૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૦, અંક : ૯, સળંગ અંક : ૨૩૭

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

સંસાર સાગરના નાવિક ગુરુ છે !

ગુરુપૂર્ણિમા એ ગુરુવંદનાનો પવિત્ર દિવસ છે. ગુરુ વિના સંસાર સાગર કેવી રીતે પાર પાડી શકાય. ગુરુની મેડી જગતમાં સૌથી ઉંચી છે. ગુરુ એટલે થાકેલાનો વિશ્રામ, સંસારનો સારથિ, દુઃખમાં શાંતિનો આધાર, ગુરુ જગતમાંથી જગદીશને મળવા લઈ જાય છે.

સંતો કહે છે કે :

"સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાયે જોને.
શ્વાસે શ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક જાયે જોને."

ગુરુ વિના જ્ઞાન શક્ય નથી.

"ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ દેવકી જિને, ગોવિંદ દિયો બતાય."

ભગવાનની સાચી ઓળખ ગુરુ બતાવે છે.

"ગુરુ બિન કૌન બતાવે ઘાટ, બડા વિકટ યમ ઘાટ."

સંસ્કૃતમાં 'પ્ર' ધાતુ ઉપરથી ગુરુ શબ્દનો અર્થ બન્યો છે 'ગુ' એટલે ઉપદેશ આપવો. જે શિષ્યને સાચો ઉપદેશ આપે છે તે જ ગુરુ. ગુરુ શબ્દમાં 'વંદન' નો ભાવ છે. ગુરુની પ્રતિભા જ એવી હોય કે શિષ્યનું મસ્તક ઝુંકી જાય.

ભગવાન શ્રી કૃષ્ણ જેવા પ્રભુ પણ બાલ્યવસ્થામાં ગુરુ ને ઘેર ભણવા ગયા હતા! કેવું ગુરુનું તેજ?

તમસો મા જ્યોતિર્ગમય ॥ તમારો માર્ગ મંગલમય થાય તેવી ગુરુની ભાવના છે. ઊંડા અંધારેથી પરમ તેજે લઈ જાય છે.

અંધારા ઓરડામાં એક નાનકડો દીપક મૂકવામાં આવે તો આખો અંધારો ઓરડો પ્રકાશમય

અનુસંધાન પાના નં. ૪ ઉપર :

પ્રાર્થના

- દક્ષા જી. વેલાણી, ગોઠાજ લાટ.

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરુદેવના ચરણોમાં પ્રણામ વંદન ! હે..સદ્‌ગુરુદેવ ! તમે બતાવેલ માર્ગ પર અમે અટલ નિષ્ઠાથી, શ્રધ્ધાથી ચાલી રહ્યા છીએ અને ચાલી શકીએ એવા શુભ આશીર્વાદ સદાય અમને આપજો ! હે..સદ્‌ગુરુ દેવ ! તમે તો સર્વવ્યાપી છો ! અંતરયામી છો ! અને અમે તો આ સંસારની મોહમાયાના બંધનમાં જકડાયેલા પ્રાણીમાત્ર જીવ છીએ કે જાણવા છતાં પણ કશું જ કરી શકતા નથી !

જ્યારે પણ ગુરુપૂર્ણિમાનો શુભ દિવસ આવે છે ત્યારે અમારા ગુરુવરને યાદ કરી. તેમના ચરણકમળમાં શીશ ઝૂકાવીને ઘણા સંકલ્પ કરીએ છીએ. એ અમારા સૌ સંકલ્પ સિધ્ધ થાય ! ગુરુદેવની અમીદૃષ્ટિ તેમની છત્રછાયા સદાય અમારા સૌના ઉપર વરસતી રહે... વરસતી રહે... એવા આશીર્વાદ પ્રાર્થીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે અમે અમારા શુભકાર્યમાં, ગુરુભક્તિમાં સદાય લીન બની રહીએ અને "સત્‌પંથ" સમાજને મદદરૂપ બની શકીએ એવા અંતરના આશીર્વાદ આપો ! હે...સદ્‌ગુરુ ! તમારી શક્તિધારા અમારા પર નિરંતર વરસતી રહે અને અમારી "શ્રધ્ધા" હંમેશાં તમારા ચરણકમળને પખાળતી રહે એ જ પ્રાર્થના....! ●●●

પાના નં.૩નું અનુસંધાન.

થાય છે. ગુરુનું આવું જ છે. ગુરુનું સાનિધ્ય શિષ્યના અંધારા જીવન ઓરડામાં પ્રકાશ આપી જીવનમાં પ્રકાશ આપે છે.

જીવનરૂપ મંદિરમાં ગુરુ દીપકનું કામ કરે છે. જીવાત્માને પરમાત્મા સાથે જોડનાર ગુરુ છે. ગુરુને આથી જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહ્યા છે.

વિશ્વના પ્રત્યેક ધર્મમાં ગુરુ સ્થાન સ્વીકારાયેલું છે. વિશ્વના અમર ગ્રંથમાં જેની ગણના થાય છે તે ગીતામાં અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણે જે પ્રશ્નોના ઉત્તર આપી તેનો સંશય દૂર કર્યો એ ગુરુ-શિષ્યનો સંવાદ જ છે. અર્જુન જેવા અર્જુનના ભગવાન શ્રી કૃષ્ણ સારથિ બન્યા.

ભારતીય સંસ્કૃતિના ઉત્કર્ષમાં સંતોનો ફાળો ઘણો જ મોટો રહ્યો છે. ગુરુ એ ગુરુ જ છે. તેની તોલે કોઈ જ ન આવી શકે.

આજના ટી.વી. યુગમાં ભારતીય સંસ્કૃતિનું ધોવાણ થયું છે ત્યારે બાળકોને ગુરુ પાસે મોકલવાની જરૂર છે. મંદિરમાં જતો બાળક કે ગુરુના સાનિધ્યમાં આવતો બાળક કોઈ શાળા ઉપર પથ્થર ફેંકશે નહિ. મા-બાપને વૃદ્ધાવસ્થામાં મોકલશે નહિ. બાળકોને ધાર્મિક સંસ્કાર આપવા એ આજના યુગમાં જરૂરી છે.

વાર તહેવારે ગુરુની પધરામણી ઘેર કરવાથી ઘરના દોષો તેમના પવિત્ર ચરણથી નષ્ટ પામે છે. આમ ગુરુજી એક જંગમ વિદ્યાપીઠ છે. અલબત્ત તે ધર્મનાં સંસ્કાર આપે.

આજની ગુરુ પૂર્ણિમાએ સંસારના ગુરુઓને વંદન !

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

●●●

ગુરુપૂર્ણિમા - જ્ઞા[illegible] મહાત્મય

પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના સત્સંગ પ્રવચનના આધારે

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ વેદકાલીન છે. જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુની આવશ્યકતા સ્વીકારી છે. ઈશ્વરીય જ્ઞાનનો અનુભવ ગુરુ જ કરાવી શકે. ભવસાગરને તારક તહેવાર એટલે ગુરુપૂર્ણિમા.

ગમે તેટલા તપ કરો, ગમે તેટલી ઉપાસના કરો, ગમે તેટલા વ્રત કરો, અનુષ્ઠાન કરો, ગમે તેટલું ધન ભેગું કરો, દુનિયાનું રાજ ભોગવો, પરંતુ જ્યાં સુધી ગુરુના દિલનું રાજ્ય તમારા દિલ સુધી પહોંચતું નથી, ગુરુના દિલનો ખજાનો તમારા દિલમાં જ્યાં સુધી ઉલેચાતો નથી, ત્યાં સુધી તમારું દિલ ગુરુના દિલને ઝીલવા યોગ્ય નથી બનતું. ત્યાં સુધી બધા ધર્મો, ઉપાસના, પૂજા અધૂરાં રહે છે. દેવદેવીઓની પૂજા પછી પણ કંઈક બાકી રહે છે. પણ જ્યારે ગુરુની પૂજા પછી કશુંય બાકી રહેતું નથી.

ગુરુના ખોળામાં પૂર્ણ શ્રદ્ધાથી પોતાનું અહંકારી મસ્તક મૂકીને નિશ્ચિત થઈને વિશ્રામ પામનાર શિષ્યના લૌકિક અને આધ્યાત્મિક બન્ને માર્ગ તેજોમય થઈ જાય છે. ગુરુના જ્ઞાન ગંગોત્રીરૂપ મુખારવિંદમાંથી સરી પડેલાં શબ્દો શિષ્યને કે મુમુક્ષુના હૃદય સુધી પહોંચાડનાર વાહન માત્ર છે. તેમના અવ્યક્ત મૌનમાંથી કે તેમની આંખના અણસારમાંથી કે ચિન્મુદ્રા જેવા ઈશારાથી હરપળે, હરક્ષણે, જે કોઈ પ્રગટ થાય છે કે અભિવ્યક્ત થાય છે તે ગુરુ વાક્ય છે.

ગુરુદેવ વ્યક્તિની પોતિકી આંતરિક ક્ષમતા જોઈને, જાણીને, વિચારીને તેને જીવનસંસાર અને આધ્યાત્મિકતાના કાર્યક્ષેત્રમાં જોતરતા રહે છે અને તેથી જ ભગવાન પણ જ્યારે મનુષ્ય અવતાર લે છે ત્યારે એમને પણ ગુરુના શરણે જવું પડે છે, ભગવાન રામ વસિષ્ઠજી, ભગવાન કૃષ્ણ સાંદીપનિ ગુરુના શરણે ગયા હતા. ગુરુના જીવનમાં માત્ર સંકલ્પ જ હોય છે. ક્યારેય વિકલ્પ હોતો નથી.

ગુરુકૃપા શિષ્યનું શ્રેષ્ઠ બળ છે. આનંદ કવચ છે. તે વિના સર્વ બળ કે સામર્થ્ય નિરર્થક છે. ગુરુ કૃપા એ ચીજ છે જેમાં લેવા દેવાનો સોદો નજરથી સંકલ્પથી સ્પર્શથી કે માત્ર ધ્યાનથી પણ થઈ શકે છે. ગુરુના સ્મરણને કવચ કહેવાય છે. ગુરુકૃપા જ સંસારના ભયનું હરણ કરનાર શસ્ત્ર છે. ગુરુની આજ્ઞાનું અજાણતાં પણ ઉલ્લંઘન થાય તો શિષ્ય ઈશ્વરને એક સૂત્રે બાંધવાની પદ્ધતિ ખોઈ બેસે છે. માટે જ ગુરુની આજ્ઞાનું પ્રતિક્રિયા રહિત પાલન એ જ અહંકારને મારીને જીવનરથનું સુકાન ગુરુના હાથમાં સોંપવાની અદ્વિતિય જીવન પદ્ધતિ છે.

ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલા મંત્રમાં અસ્થિર મનને શાંત કરવાની એક વિશિષ્ટ શક્તિ રહેલી છે. આપણા રજસ્ અને તમસ્ વિકારોને સત્વમાં રૂપાંતર કરવાની તાકાત છે. ગુરુમંત્ર ચમત્કારી ફળ આપે છે. કારણ ગુરુ જે મંત્ર આપે છે તે મંત્ર સિદ્ધ સફળ હોય છે.

ગુરુ ભક્તિ એટલે ધ્યેય-ભક્તિ, જ્યાં સુધી માનવમાં જ્ઞાન પિપાશા છે, સત્ય પ્રાપ્તિની તડપ છે, આદર્શ માટે આદરભાવ છે, ત્યાં સુધી વિશ્વમાં ગુરુભક્તિ જીવિત રહેશે, ગુરુભક્તિમાં બોલ્યા વિના જ શંકાઓનું સમાધાન થઈ જાય છે. મૌનમાં જ ગુરુ શીખવે છે અને શિષ્ય શીખે છે.

શિષ્ય ગુરુની યોગ્યતાને પ્યાર કરે છે, પણ ગુરુ તો શિષ્યના આત્માને પ્યાર કરે છે.

પ્રાચીન સમયમાં ગુરુ શિષ્યની પૂર્ણ કસોટી લઈને પછી જ ઉપદેશ આપતા અથવા તેમના આશ્રમની ગાદીના વારસદાર બનાવતા. શિષ્યો પણ

 આવા સમર્થ ગુરુના ચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને કસોટીમાંથી પાર ઉતરી મોક્ષ પદ પામીને આત્માનું કલ્યાણ કર્યાના પ્રસંગો શાસ્ત્રોમાં છે.

આવી જ કસોટી એક ઋષિમુનિએ તેમના શિષ્યોની કરીને શિષ્યોને તેમના કૃપાપાત્ર બનાવ્યા હતા.

વર્ષો પહેલાંની વાત છે. નર્મદા મૈયાના કિનારે પાવન તપોભૂમિમાં એક મહાન ઋષિનો આશ્રમ હતો. આ ઋષિમુનિના આશ્રમમાં ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરવા આવતા અને વિદ્યાભ્યાસથી પારંગત થઈ પોતાનું જીવન કલ્યાણકારી બનાવતા.

સમયાન્તરે ઋષિમુનિ વૃધ્ધ થયા. તેમને વિચાર કર્યો કે મારા શિષ્યોમાંથી ગમે તેને કોઈ એક શિષ્યને આશ્રમની જવાબદારી સોંપી હું શાંતિથી મારું શેષ જીવન પરમાત્માની ભક્તિમાં પસાર કરું. જેવા તેવાને તો આશ્રમની જવાબદારી સોંપાય નહીં. પણ શિષ્યની પરીક્ષા લઉં અને જે શિષ્ય કસોટીમાંથી ઉત્તીર્ણ થાય તેને આશ્રમની જવાબદારી સોંપું.

ઋષિમુનિએ સર્વ શિષ્યોની પરીક્ષા લેતાં બે શિષ્યોમાં તેમને લાયકાત જોવામાં આવી. પણ આ બે શિષ્યોમાંથી કોને આશ્રમની જવાબદારી સોંપવી !!! વિચાર કરતાં ઋષિમુનિએ આ બંને શિષ્યોની પણ કસોટી કરવાનો નિર્ણય કર્યો. ઋષિમુનિએ બંને શિષ્યોને પોતાની પાસે બોલાવ્યા અને બંનેને એક એક કેરી આપી. કેરી આપતાં કહ્યું કે; તમને બંનેને આ કેરી આપું છું, પણ તમે આ કેરી તમને કોઈ ન દેખે તેવી જગ્યાએ બેસીને ખાઈ આવો.

બંને શિષ્યો તો કેરી લઈને ઉપડ્યા. એક શિષ્ય દક્ષિણ દિશા તરફ ગયો અને બીજો ઉત્તર દિશા તરફ ગયો. પ્રથમ શિષ્ય તો થોડીવારમાં જ કેરી ખાઈને પાછો આવી ગયો. પણ બીજો શિષ્ય આખો દિવસ ફરી ફરી સાંજે કેરી પાછી લઈને આશ્રમમાં ગુરુ મહારાજ ઋષિમુનિ પાસે આવ્યો.

ઋષિ મહારાજે બંને શિષ્યોને પાસે બોલાવ્યા અને પહેલા શિષ્યને પૂછ્યું : બેટા, તું કેરી ખાઈ ગયો ?

શિષ્ય કહે; હા ગુરુદેવ ! મેં તો સવારમાં જ કેરી ખાઈ લીધી.

ગુરુદેવ કહે; બેટા તે કેરી ક્યાં ખાધી ? કોઈ દેખતું તો નહોતું ને ?

શિષ્ય કહે; ના ગુરુદેવ ! હું તો આપણા આશ્રમથી થોડે દૂર ગયો અને મેં એક ઊંડો ખાડો જોયો એ ખાડામાં ઉતરીને કોઈ ન દેખે તેમ કેરી ઝટપટ ખાઈને આશ્રમમાં સવારમાં જ આવી ગયો.

ગુરુદેવ કહે; ભલે સારું.

પછી બીજા શિષ્યને પૂછ્યુ; બેટા, તું કેરી ખાઈ આવ્યો ?

બીજો શિષ્ય ગુરુદેવને નમન કરી પોતાના પહેરણમાં રાખેલી કેરી કાઢી. ગુરુદેવને પાછી અર્પણ કરતાં બોલ્યો; ગુરુદેવ હું આખો દિવસ ખૂબ ફર્યો. પણ મને કોઈ ન દેખે એવી કોઈ જગ્યા ન મળી !

ગુરુદેવ કહે; બેટા, તું આખો દિવસ ફર્યો છતાં ક્યાંય કોઈ ન દેખે તેવી જગ્યા ન મળી ? મને તો નવાઈ લાગે છે.

શિષ્ય કહે; હા ગુરુદેવ ! મને કોઈ ન જુવે તેવી જગ્યા કોઈ ન જ મળી. હું જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં સર્વત્ર મને પરમાત્માનાં દર્શન થતાં હતાં. આપનો આદેશ હતો કે કોઈ ન જુએ તે સ્થળે બેસી કેરી ખાવી. પણ પરમાત્મા તો સર્વ વ્યાપક છે, તેઓ તો મને જોતા હતા પછી મારાથી કેરી કેમ ખવાય !

ગુરુદેવે આનંદિત થઈ આ બીજા શિષ્ય ઉપર હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું કે; ધન્ય છે બેટા ! આટલા શિષ્યોમાં તું મારો સાચો, પરમ શિષ્ય છે. તારી વાત સાચી છે. પરમાત્મા સર્વત્ર વ્યાપક છે. આપણાં દરેક કાર્યોને પરમાત્મા નિહાળે જ છે. અણુ અણુમાં પરમાત્મા છે. પછી ખાલી જગ્યા ક્યાંથી હોય. મેં તમારા બંનેની કસોટી કરવા માટે

જ આ કેરી ખાવાની વાત કરી હતી. તું મારી કસોટીમાં પાર ઉતર્યો છે. બેટા ! આજથી આપણા આ આશ્રમની તમામ જવાબદારીથી હું પરાવૃત થઈ તને સઘળી જવાબદારી સોંપી હું જંગલમાં તપ કરવા જઈશ. તું આપણા આશ્રમને હવેથી સંભાળજે.

બીજો શિષ્ય ગુરુદેવના ચરણોમાં પડી ગયો. તે પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યો. જેના ઉપર સમર્થ ગુરુની કૃપા દૃષ્ટિ થાય, મસ્તક ઉપર કૃપા હસ્ત પડે તેમજ આશીર્વાદનો પ્રસાદ મળે તે શિષ્યના સકળ દુ:ખોનો નાશ થઈને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે.

ગુરુકૃપા વિના, ગુરુના આશીર્વાદની પ્રસાદી વિના એકલા ધર્મ અને ભક્તિથી મોટાઈ નથી મળતી. જેમનામાં ત્યાગ ભાવના હોય, અચળ ભક્તિ હોય, જ્ઞાન હોય તો જ આપણો મનુષ્ય જન્મ સાર્થક થયો ગણાય.

ગુરુશક્તિ સૂક્ષ્મ સ્વરૂપે હોય છે. તે અગોચર સ્વરૂપે વિદ્યામાન હોય છે તે શિષ્યનું સંરક્ષણ કર્યા કરે છે તે અમોઘ શક્તિ છે તેની જાહેરમાં ચર્ચા કરવામાં આવતી નથી.

અને છેલ્લે ગુરુપૂજન એટલે શું ?

ગુરુ પૂજન એટલે એમના જ્ઞાનનું પૂજન આદર્શોનું પૂજન, બ્રહ્મજ્ઞાનનું પૂજન, સત્યનું પૂજન અનુભવોનું પૂજન, વિચારોનું પૂજન, તથા એમનાં દેહમાં રહેલો વિદેહી આત્મા એટલે બ્રહ્મ પરમાત્માનું પૂજન, ગુરુદેવના આદર્શોનું પ્રત્યેકપણે આચરણ એ જ સાચું ગુરુપૂજન.

ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુ શું આપે છે ? અને શિષ્ય શું મેળવે છે ?

ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુ પોતાના તપનો એક અંશ દરેક શિષ્યને દાનમાં આપતા જાય છે, પોતે ખાલી થઈ જાય છે. પોતાનું નિજ સ્વરૂપ શિષ્યને આપતા જાય છે, અને શાસ્ત્ર કહે છે કે ગુરુના તપનો એક અંશ આપણી વર્ષોની સાધના, જપ, તપથી..પણ અધિક છે.

જ્યારે ગુરુના ચરણોમાં બેસો એટલે શરણાગતિનો સ્વીકાર, અહંકારનો નાશ. ચરણો પકડ્યા એટલે શરણે આવ્યો અને ચરણ હંમેશાં આચરણનો સંદેશ આપે છે.

પૂજન દ્વારા આપણે ગુરુમાં દેહભાવનું આરોપણ કરીએ, આપણા માટે અવતાર ધરેલા પ્રગટ ગુરુને વંદન કરીએ. ગુરુની સમષ્ટિમાં આત્મતત્ત્વનું દર્શન કરીએ અને એમના ચૈતન્ય સ્વરૂપને નિહાળીને જીવન ધન્ય બનાવીએ એ જ અભ્યર્થના.

ગુરુ જ પરમાત્માની ઓળખ કરાવે છે. આવા પરમાત્મા સ્વરૂપ ગુરુજીનો મહિમા અવર્ણનીય છે. એમના મહિમાનું ગુણગાન, એમની સ્મૃતિ તથા ચિંતન શિષ્યોને અપૂર્ણ સુખ, આનંદ અને શાંતિ પ્રદાન કરે છે.

જીવનમાં ગુરુ મળે તો તે ઉત્તમ છે પરંતુ સદ્‌ગુરુ મળે તો તે સર્વોત્તમ છે. જીવનનો આધ્યાત્મિક વિકાસ, દિવ્યત્વની પ્રાપ્તિ અને મોક્ષપદ તો સદ્‌ગુરુની કૃપાથી જ થઈ શકે છે. જેમ પ્રાણ વિના જીવન સંભવ નથી તેમ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ વિના જ્ઞાનનો પ્રકાશ, સુષુપ્ત શક્તિઓનો વિકાસ અને અજ્ઞાનનાં અંધારાંનો નાશ સંભવ નથી. સદ્‌ગુરુ મનુષ્યના જીવત્વને મિટાવી શિવત્વમાં સ્થિત કરી તેની આંતરિક અશુધ્ધિઓ ધોઈ નાખી મોક્ષપદ અપાવે છે.

આપણા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પણ આપણને સતુપંથ ધર્મ દ્વારા મુક્તિનો માર્ગ દર્શાવ્યો છે. ગુરુ તો પોતાના શિષ્યને પરમાત્માનાં દર્શન કરાવે છે જ્યારે સદ્‌ગુરુ તેમના શિષ્યોનું આત્મકલ્યાણ કરી મોક્ષ અપાવે છે.

"અંતર રહે ઉમંગમાં, મુખડું સદા મલકંત,
મસ્તી સદા મનમાં રહે, જ્યારે મળે સદ્‌ગુરુનો સંગ."
"ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે ન ભેદ,
પણ સદ્‌ગુરુ બિન સંશય ન મિટે, ભલે વાંચો ચારે વેદ."

●●●

સદ્‌ગુરુ વચનામૃત

- હંસરાજભાઈ ગો. પટેલ - મેઘપુરકંપા.

જાગો રે જાગો રે નિંદ્રાને ત્યાગો, ભજન કરીને હરિનાં દર્શન માગો. માયાનો વધાર્યો જીવડો દીસે છે જાડો, ચોર્યાસીના ચૌટામાંથી સદ્‌ગુરુજી કાઢો. ચોર્યાસીના ચૌટા મને લાગે છે દોહલા, મરવુંને અવતરવું સદ્‌ગુરુજી નથી રે ગમતું. પ્રેમે પરગટો રે દેવ અંતરજામી, તમ વિના ક્ષેણુ નથી રહેવાતું સ્વામી.

અહીં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે કે તમે નિદ્રાને ત્યાગીને જાગોશુ, એટલે કે પ્રભુના દર્શન તો ભજન ભક્તિ કરશો તો થશે. અહીં જે જાગવાનું કહ્યું છે તે વાસ્તવમાં મોહમાયાથી જાગવાનું કહ્યું છે. વળી એક ગોરવાણીમાં કહ્યું છે કે; "જાગો જાગો મુનિવર ભાઈ ગાફલ થઈને ક્યાં રે સૂતાજી". બીજા એક ભજનમાં કહ્યું છે કે; "જાગી જોને જીવલડા તું એકલો આવ્યો એકલો જાવું." માટે આ સંસારના મોહમાયાથી જાગી તેને ત્યાગી પ્રભુ ભજનની જેને તાલાવેલી લાગે છે તેને જ આત્મ પ્રભુના દર્શન થાય છે અને તે જ દર્શનનો અધિકારી છે.

જ્યારે જ્ઞાન થાય છે ત્યારે જીવાત્મા પરમાત્માને પ્રાર્થના કરે છે કે હે પરમાત્મા ! જન્મવું - મરવું તે મહા પીડા છે તે વારંવારના દોઝખમાં પડવાનું ગમતું નથી, માટે હે પરમાત્મા ! ચોર્યાસી લાખ યોનીના ભવાટવીમાંથી મને છોડાવો.

આ માયાની મોહિની મને બહુ સરળ લાગે છે તેમાં હું ફસાઈ ગયો છું તેમાંથી મને બહાર કાઢો! આવી યાતનામાંથી સદ્‌ગુરુજી પરમાત્મા મને છોડાવો ! તમારા વિના જીવાય તેમ નથી ! હે મારા અંતરયામી પ્રભુ ! દયા કરી મારો હાથ પકડો ...મ મરણના ચક્કરથી છોડાવો.

જેમ "માયા દેખી જીવ જાણે ઉંદર પડીયો કુપમાં" એટલે ઉંદર કુવામાં પડી જાય છે તેને કોઈ જ ઉગરવાનો આરો નથી તેમ આ જીવ મોહમાયાની કુટીલતામાં ફસાઈ ગયો છે તે કેમે કરી બહાર નીકળી શકે તેમ નથી. તેમાંથી બહાર નીકળવાનો રસ્તો સદ્‌ગુરુજી બતાવે છે. 'માયા એસી ડાકીની, ખાયો સબ સંસાર, ન ખાયો કે જે રહ્યો નામ આધાર.' એટલે કે જે નામ સ્મરણની ભક્તિમાં અવિરત રત રહેશે તેને માયા કશું કરી શકશે નહીં, માટે આ ચોર્યાસીરૂપી યાતનાઓ ખૂબ જ દુઃખ દાયક છે.

જોને વિચારી આ ભવમાં ક્યાં થકી આવો, માતાએ જન્મો રે તને પુત્ર કરી ભાવો. કેના પુત્રને કેના પુત્રી એ તો માયાનો સાંધો, અજ્ઞાનનો બાંધીયો જીવ પડો છે ફંદો. સગુસે રે વહાલું તારું કારમું દીસે, દોરાનો દસી રે તારા છોડીને લેસે. કહેત ઈમામશાહ હેતે હરીને ભજો, વૈકુંઠ જવાનો તમે સામાન સજો.

અહીં સદ્‌ગુરુજી કહે છે કે; આ મનુષ્ય જન્મ વારે વારે નથી મળતો માટે આ મનુષ્ય જન્મ સફળ કરી ભક્તિ કરી મુક્ત થાઓ. સંતો કહે છે કે; વારે વારે મનખો નહીં આવે, સફળ જનમ તારો કરતો જા. વળી સદ્‌ગુરુ કહે છે કે; કોના પુત્ર ને કોના પુત્રી એ તો માયાનો ફંદો છે. "કોના છોરૂને કોનાં વાછરું કોનાં માઈ-બાપ, અંતકાળે જીવને જાવું એકલું સાથે પુણ્યને પાપ." આ સંસારમાં જે દેખાય છે તે બધી વસ્તુ નાશવંત છે. તેમાં આપણને પ્રેમ-માયા બંધાઈ છે. અંતકાળ પછી આ દેખાતી એકપણ ચીજ-વસ્તુ સાથે આવવાની નથી તો તેના પ્રત્યે કેમ રાગ છે ? કેમ પ્યાર છે ? હજુ પણ ચેતી જવાનો વખત છે, તો જાગી જાઓ. "જાગો લોકો મત સુવો, મત કરો નિંદ્રાસે પ્યાર, જૈસો સપનો રૈનકો, વૈસો હી સંસાર." જેમ રાત્રે સ્વપ્ન આવે છે તેમાં આપણે

રાજા-મહારાજા બની જઈએ છીએ. કેટ-કેટલી સુખ સાહેબી ભોગવીએ છીએ તે બધું આંખ ખુલતાં ખોટું ઠરે છે તેમ આ સંસાર એક સ્વપ્નવત્ છે. તે વાત સમજીને આ સંસારની મોહમાયાથી છેડો ફાડી નાખીને અથવા જળકમળવત્ રહીને એટલે કે "જીવતા મૃતક હોઈ સો રહો" તેમ વર્તીને રહો તો આ મોહ-માયાની નડતર ઓછી થશે. અંત સમયે કોઈ સગું કે વહાલું સાથે નહીં આવે. તમારા શરીરે પહેરેલા દાગીના પણ ઉતારી લેશે. "ખાલી આવ્યો ખાલી જાવું, એકલો આવ્યો એકલા જાવું."

વધુમાં શ્રી સદ્‌ગુરુજી સમજાવે છે કે હે મુનિવરો ! હે ઋષિવરો ! તમે, તમારો જન્મારો સફળ થાય, જન્મવું - મરવું ન પડે, આવાગમન મટી જાય, તેવો મુક્તિનો માર્ગ પકડો. પાણીમાં જેમ જળકુકડી ડુબકી લગાવે છે અને બહાર નીકળે છે ત્યારે તેનું શરીર કોરું જ રહે છે. તેમ તમે આ સંસારમાં ગમે તેટલા ઓતપ્રોત રહો છતાં આ જગની મોહમાયા વ્યાપે નહીં તે રીતે રહો તો પ્રભુ તમને જરૂર સહાય કરશે અને તમે તમારા ધ્યેયની સફળતા પામશો. ●●●

સદ્‌ગુ

ભાઈ કલિયુગ પુરણ પરવર્યો, અને સતીનાં ચુકાવે સત્ રે,
સાચા ને જુઠ બોલાવશે, તેના હરિ લેશે વાત રે.

ભાઈ મુનિવર સર્વે કહે, મુનિવરના ભેદ ન જાણે કોય,
આપ ગુરુની વાચા પાલશે, આજ કલિયુગમાં મુનિવર સોય.

મુનિવર મુનિવરની નિંદા કરશે, માહો માંહે કરશે વેર,
તે કુટુંબ માંહે કલહો કરશે, આવા કલિયુગનો વરતાશે કહેર.

ત્યારે પાપશાલીનાં પૂર વહેશે, અને ધરમ ના રહે લગાર,
ભાઈ બેનને વિરોધુ બોલશે, માય બાપને દેશે ગાળ.

વખડી વેળા આવી ઉતાવળી, મુનિવરો તમે હો હુશિયાર,
કાલ પૂજતા તો આજ પૂજો, સ્વામી નિષ્કલંકી થાશે સ્વાર.

મુનિવર સુક્રિત સામલ લીજીયે, અને દીજે સદ્‌ગુરુજી હાથ,
મુનિવરો ઈમાન સાચું સું ચાંદરણો, જેવી પૂનમ અજવાળી રાત.

ભાઈ રહેણી અજવાળી ચંદ્રસું, તેમ સોળ કળા ભરપૂર,
મુનિવર ઈમાન સાચસુ, તો જાકર વરસે નૂર.

કહેત ઈમામશાહ સાંભળો મુનિવરો, રાખજો આપણું આપ,
સદ્‌ગુરુના કેવાય કીજીયે, તો પામીએ અમર ઠામ.

●●●

સદ્ગુરુ ઉપદેશ

-અંબાલાલ પી. પટેલ - લક્ષ્મીપુરા (બાયડ).

સદ્ગોર કહે રે જૂઠા મરણા સબ જગ મરે,
અને સાચા ન મરે કોઈ રે.
ગુરુજ્ઞાને વેધ્યા જે મરે, તેને જનમ મરણ નવ હોય રે..

સદ્ગોર કહે છે; આ બધી દુનિયા મરે છે જૂઠી મરે છે. માણસને જીવતે તો નથી આવડતું પણ મરતાં પણ નથી આવડતું. જૂઠી રીતે મરે છે. માણસ એક વખત મરે પછી તેને બીજી વાર ન મરવું જોઈએ. એક વખત મર્યા પછી ફરીથી લખ ચોરાસીમાં પડીએ તો એક વખત મર્યા પછી ફરીથી લખ ચોરાસીમાં પડીએ તો એક વખત નહિ પણ ચોરાસી લાખ વખત મરવું પડે.

આ મરણની વેદના અસહ્ય હોય છે કહે છે કે; મૃત્યુ વખતે જીવને આ શરીરમાંથી નીકળવાનું ...ડે છે. સો વીંછી એકી સાથે ડંખ મારે ... જીવ છોડતી વખતે થાય છે. ફરી જન્મ વખતે ગર્ભાશયમાં ઊંધે માથે મળમૂત્રમાં ગંધાવું પડે છે તથા ઉદરમાં જઠરાગ્નિનો તાપ સહન કરવો પડે છે. વેદના સહન કરવી પડે છે તે જીવ ભગવાનને પ્રાર્થના કરે છે હે ભગવાન ! મને આ ગર્ભવાસના દુ:ખમાંથી મુક્ત કર ! ફરી હું તને નહીં ભૂલું અને ફરી ગર્ભવાસમાં ન આવવા માટે સતત તને યાદ કરીશ, પણ જનમ્યા પછી બધું ભૂલી જાય છે અને મોજ શોખમાં જીવન વ્યતિત કરે છે.

માટે આપણે આ જન્મમાં જ ભક્તિ કરી પોતાનું કામ કરી લેવું જોઈએ ખરેખર તો જીવતાં મૃતક હોઈને રહેવું જોઈએ. ગુરુ જ્ઞાનને જે ગ્રહણ કરી મૃત્યુ પામે છે. જે ગુરુના જ્ઞાને ચાલે છે તે મુક્ત થઈ જાય છે તે જીવ શિવમાં મળી જાય છે. ભક્તિ કરી મોક્ષધામ પામે છે. તેને ફરી જન્મ - મરણના ચક્કરમાં આવવું પડતું નથી. ●●●

ગુરુના ગુણલા જેને રે ગાયા...

ગુરુના ગુણલા જેને રે ગાયા, તેનાં તે કારજ સરે,
પ્રેમ ધરીને જો કોઈ આવે શરણમાં,
તો મારા સતગુરુ મારા શાન કરે... ગુરુના.
નાભી કમળમાં વસે કસ્તુરીને, મૃગલો દોડતો ફરે,
દોડી દોડીને એ તો થાકી જવાનો,
એમાં એનું કંઈ નહિ વળે... ગુરુના.
શુકદેવજીને સાન બતાવી, જનક ગુરુને જઈ મળે,
એક હાથ રાખ્યો માયા ઉપર, બીજો અગનમાં ધરે... ગુરુના.
સાચા સદ્ગુરુ જ્યારે આવી મળે, ત્યારે અજ્ઞાનીના અંધારાં ટળે,
પારસમણિનું એવું પારખું રે, એ તો લોઢાને કંચન કરે...ગુરુના.
અખંડ ધારા અમૃત વરસે, મોતીડાં પાકે કોઈક પળે,
ગુરુ પ્રતાપ બાપુ પ્રેમહંસ બોલ્યા, ખબરૂ પડશે ખળે.....ગુરુના.

●●●

Shivji Kaka

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજનો પુણ્યતિથિ મહોત્સવ - પ્રેરણાપીઠ, પીરાણા.

- મુખીશ્રી રમણલાલ કે. પટેલ, વાવંકપા.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની કૃપાથી તથા સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજના આશીર્વાદથી પ્રેરણાપીઠના એકવીસમા ગાદીપતિ પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની સતાવીસમી પુણ્યતિથિ મહોત્સવ પૂર્ણ શ્રધ્ધાથી તા. ૪-૬-૨૦૧૩ના શુભદિને પવિત્ર દિવ્યધામ પ્રેરણાપીઠ-પીરાણા સ્થાનકે ઉજવાઈ ગયો. આ પ્રસંગે તેમના અંદાજે ૫૦૦ જેટલા શિષ્યો તથા ભાવિકભક્તો ઉપસ્થિત રહી ગુરુજીના ગુણલા ગાતાંગાતાં ગુરુપૂજન-સત્સંગ તથા મહાગુરુપૂજા-વારિયજ્ઞનો ધર્મલાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતુ.

આ કાર્યક્રમમાં આગલા દિવસે તા. ૩-૬-૨૦૧૩ના રોજ બપોરથી શિષ્યો તથા ભાવિકોનું આગમન થઈ રહ્યું હતું. દરેક શિષ્યોના મુખ ઉપર ગુરુ દર્શન તથા ગુરુના ગુણગાન ગાવાની ઉત્સુકતાના દર્શન થઈ રહ્યાં હતાં. રાત્રે ૯-૦૦ કલાકે કલાકારશ્રી મોતીરામના મુખારવિંદ દ્વારા તેમના સાથી સાજીંદા મિત્રોના સહયોગથી સંતવાણી ભજન સંધ્યાનો કાર્યક્રમ હતો. જેમાં મોતીરામે પોતાની આગવી છટાદાર વાણીથી સંત દેવાયત - દેવલદે, જેસલ-તોરલ, રૂપાંદે-માલાદે, ગંગાસતી-પાનબાઈ, ડુંગરપુરી-ભાવપુરી, ગોપીચંદ-ભર્તૃહરિ, રામદેવપીર, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે સંતવિભૂતીઓની કૃતિઓ ગાઈ અમૃતરૂપી વાણી વહેવડાવી સૌને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા હતા.

બીજા દિવસે તા. ૪-૬-૨૦૧૩ના રોજના શુભ મંગલમય પ્રભાતે નિત્યક્રમ સ્નાનાદીથી પરવારી દેવ-દર્શન તથા સવારની નિત્યપૂજાનો લાભ લીધો હતો. ત્યારબાદ ચા-નાસ્તો લીધા પછી સૌ શિષ્યો તથા ભાવિકો પૂ. ગુરુદેવશ્રી સવજીદાસજી મહારાજના સમાધિ સ્થળે ઉપસ્થિત થયા હતા. સમાધિ સ્થળને સુગંધિત દ્રવ્યોથી પવિત્ર કરી ગુરુના પ્રતિકને સાક્ષાત્ ગુરુજી હાજર છે તેવા અનન્ય ભાવથી નત મસ્તકે નિર્દોષ ભાવે ધૂપ-ચંદન-અક્ષત- ફૂલ વગેરેથી પૂજન કરી પ્રસાદ અર્પણ કરી ગુરુજી સૌને સદ્‌માર્ગે ચાલવાની શક્તિ આપતા રહે અને સદાય આશીર્વાદ વરસાવતા રહે તેવી કોટી કોટી વંદન સહ આરાધના કરી હતી. પ્રત્યેક શિષ્યો દ્વારા હાથમાં દીવડા લઈ ગુરુજીની મહા આરતી મધુરગાન સાથે ઊતારવામાં આવી હતી અને ગુરુચરણે દક્ષિણા અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત શિષ્યોમાંથી ગુરુજીના અનુભવોનું ભાથું સર્વે શિષ્યો સમક્ષ મૂકી ઉદ્‌બોધન કર્યું હતું. બાદમાં પ્રસાદ લઈ ગુરુ પૂજન કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

ત્યારબાદ સૌ શિષ્યો તથા ભાવિકોએ ધર્મસભામાં પોતાનું સ્થાન લીધું હતું. ધર્મસભામાં પ્રેરણાપીઠ પીઠાધિશ્વર પરમ વંદનીય પ્રાતઃ સ્મરણીય પ.પૂ. જગદ્‌ગુરુ સતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ તથા પૂ. મહંતશ્રી પુરુષોત્તમદાસજી મહારાજ તથા પૂ. મહંતશ્રી રવિદાસજી મહારાજ તથા ટ્રસ્ટીશ્રી ભીમજીબાપા તથા ટ્રસ્ટીશ્રી દેવરામબાપા તથા ટ્રસ્ટીશ્રી હંસરાજબાપા વગેરે મહાનુભાવો મંચસ્થ બિરાજમાન થયા હતા.

પ્રથમ સર્વે સંતોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવી. ત્યાર પછી શ્રી રમણભાઈ

એમ. વડોદરાએ ઉપસ્થિત સર્વેનું શબ્દરૂપી પુષ્પોથી હૃદયના ઉમળકાથી નતમસ્તકે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંતોનું ચરણામૃત - ચંદન - તિલક - પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઉપસ્થિત સર્વે સંતો તથા ટ્રસ્ટીશ્રીઓએ તથા મુખીમહારાજશ્રી નારણભાઈએ પ્રસંગને અનુરૂપ ગુરુશિષ્યોના સંબંધ વિશે તથા ગુરુમંત્રની શક્તિ વિષે દાખલાઓ આપી પોતાની આગવી વાણીથી ઉદ્‌બોધન કરીને આશીર્વચન પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજે કહ્યું હતું કે; ગુરુ-શિષ્યો એ નાત જાતનો ભેદભાવ ના રાખવો જોઈએ. સાખીમાં કહ્યું છે કે 'જાત ના પૂછો સાધુકી, લીજીએ બ્રહ્મજ્ઞાન, મુલ કરો તલવારકા, પડા રહેને દો મ્યાન.'

ગુરુ દ્રોણ અને શિષ્ય એકલવ્યનો સુંદર દાખલો આપ્યો હતો તેમજ કબીર કમાલનો દાખલો આપતાં કહ્યું કે; જેમ બહેનો ઘંટીમાં દાણા નાખીને દળતી હોય છે તે દાણાનો પીસાઈને લોટ થઈ જાય છે પરંતુ જે દાણા ઘંટીના ખીલડાની આસપાસ રહી જાય છે તે પીસાતા નથી, બચી જાય છે. તો આપણે પણ જગતની માયારૂપી ઘંટી ફરે છે તેમાં જો ખીલડારૂપી આપણો ગુરુદ્વારો પ્રેરણાપીઠ તથા તેના સિધ્ધાંતોને નહિ છોડીએ તો આપણે અવશ્ય દાણાની જેમ બચી જઈશું અને જો ખીલડાથી વિખુટા પડી જઈશું તો ચોક્કસ ચોર્યાસીના ચક્કરમાં પીસાતા રહીશું તો દરેક ને ખીલડારૂપી ધર્મના નિયમો તથા ગુરુમંત્રને વળગી રહેવા જણાવ્યું હતું.

વધુમાં મહારાજશ્રીએ કહ્યું કે; પૂ. આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ એક ગરીબ પરિવારમાં જનમ્યા હતા અને તેઓ નાનપણથી ભક્તિના રંગે રંગાયેલા હતા. તેમના જીવનમાં તેમણે અનેક ચડતી-પડતી, સુખ-દુ:ખ વગેરે જોયાં હતાં, પરંતુ પૂર્વેના સદ્‌કાર્યોના કારણે તેઓએ ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી આ સંસ્થાના ગાદીપતિ બન્યા હતા અને તેમણે પ્રેરણાપીઠના એકવીસમાં ગાદીપતિ તરીકેનું સ્થાન ૧૯ વર્ષ શોભાવ્યું હતું. તેમની ભક્તિ અને કાર્યોને મહારાજશ્રીએ ભાવવિભોર બની ભીની આંખે ગદ્‌ગદ્ કંઠે બિરદાવ્યાં હતાં અને તેમનો આત્મા હાલ જ્યાં હોય ત્યાં તેમની પ્રભુ ચડતી રાખે એવી પ્રભુને પ્રાર્થના કરી હતી અને કહ્યું હતું કે તમારા ગુરુજીએ જે મહામંત્ર આપ્યો હોય તે મંત્ર ઉપર સંપૂર્ણ શ્રધ્ધા વિશ્વાસ રાખી રટણ કરજો તો તમને ચોક્કસ મુક્તિનો મારગ દેખાડશે તેની હું ખાત્રી આપું છું. હાલ વર્તમાન સમયમાં ખૂબ ઝેરી પવન ફુંકાઈ રહ્યો છે તે પવનના વંટોળમાં ખેંચાઈ ન જવાય તેની કાળજી રાખજો અને મહામંત્ર ઉપર આસ્થા રાખી સ્મરણ કરજો. ગુરુમંત્ર એ સુરક્ષા કવચ છે. બ્રહ્માસ્ત્ર છે. તમે જ્યારે કોઈ સંકટ તથા મુંઝવણમાં હો અને તમને કોઈ દિશા ના સુજે ત્યારે ગુરુએ આપેલ મહામંત્રનું સ્મરણ કરજો તો ચોક્કસ સંકટમાંથી મુક્તિ મળશે અને સાચી દિશા મળશે.

આપણા સંપ્રદાયમાં જે ધર્મગુરુના વાડાઓ ચાલે છે તેનું મને બહુ દુ:ખ છે. વાડાઓ તો ઘેટાં-બકરાંના હોય, સંપ્રદાયમાં વાડાઓના હોવા જોઈએ. સત્‌પંથ ધર્મની એકસૂત્રતા જળવાઈ રહેવી જોઈએ. ગુરુ દક્ષિણા કે દશાંશ વગેરેની તમામ રકમ સંસ્થામાં જમા કરાવવી જોઈએ. ત્યારે સંચાલક શ્રી રમણભાઈ કે. વાવકંપાએ મહારાજશ્રીને યાદ અપાવતાં કહ્યું હતું કે; અમારા ગુરુ સવજીદાસજી મહારાજના જે પ્રસંગો ઉજવાય છે ત્યારે કોઈ શિષ્યોને દાન-ભેટ માટે ફરજીયાત દબાણ કરવામાં આવતું નથી. એક દાનપેટી મૂકવામાં આવે છે અને સર્વ શિષ્યોને યથાશક્તિ દાન પેટીમાં ગુપ્તદાન તરીકે અર્પણ કરવા વિનંતી કરવામાં આવે છે. કાર્યક્રમના અંતે પેટીમાં આવેલ દાન-ભેટમાંથી કાર્યક્રમના પૂજા પ્રસાદ-ભંડારા વગેરે ખર્ચ બાદ કરી જે રકમ બચે છે તે સંસ્થામાં જમા કરાવવાની પ્રથા જાળવી રાખેલ છે. તેમજ અમારા શિષ્ય મંડળની એક વિશેષતા એ છે કે પ્રમુખ/મંત્રી/ખજાનચી જેવા

હોદ્દેદારોની રચના કરેલ નથી. સર્વે એકબીજાની સલાહ સુચનથી ખભે ખભા મિલાવી કાર્યો કરીએ છીએ. ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે; હું જોઉં છું ખરેખર કે આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ તથા પૂ. સંતશ્રી રામદાસબાપુનું શિષ્યમંડળ આ સંસ્થા સાથે જોડાયેલ છે અને દાન-ભેટ સંસ્થામાં જમા કરાવે છે તેને હું ધન્યવાદ પાઠવું છું. છેલ્લે મહારાજશ્રીએ ઉપસ્થિત સર્વે શિષ્યો તથા ભાવિકોને અંતરના આશીર્વાદ આપી આવતા વર્ષે આથી વિશેષ સંખ્યામાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. અંતમાં શ્રી સુરેશભાઈ એમ. મોડાસાએ ઉપસ્થિત સર્વેનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ વારિયજ્ઞ મહાગુરુપૂજાનો કાર્યક્રમ યોજાયેલ જેમાં બ્રહ્માસન મુખી મહારાજની ગાદી શ્રી છગનભાઈ એન. પટેલ ધોળીવાવકંપા તથા વ્યાસપીઠ ગાદી શ્રી રમણભાઈ કે. રૂડાણી વાવકંપાએ શોભાવી હતી, તથા સેવક તરીકે શ્રી ચીમનભાઈ એચ. પટેલ નહેરૂકંપાએ સેવાઓ આપી હતી. વારિયજ્ઞ સંપન્ન થયા બાદ સૌ મહાપ્રસાદ ગ્રહણ કરી પોતાના સ્વગૃહ પ્રતિ પ્રયાણ કર્યું હતું.

આ કાર્યક્રમના તા. ૪-૬-૨૦૧૩ બપોરના ભોજનદાતા શિષ્યબંધુશ્રી ડાહ્યાભાઈ તથા શ્રી જયંતિભાઈ રામાણી (સબલપુરકંપા) હતા.

આ કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે શ્રી રમણભાઈ એમ. વડોદરાએ ખડેપગે જહેમત ઉઠાવી હતી તેમજ પ્રસંગનું સુચારુ સંચાલન શ્રી રમણભાઈ કે. વાવકંપાએ કર્યું હતું.

●●●

કાલુપુર ટર્મીનસથી પીરાણા એ.એમ.ટી.એસ. બસ સર્વિસ ઉદ્‌ઘાટન કાર્યક્રમ

સ્થળ : પ્રેરણાપીઠ-પીરાણા (તા. ૧૯-૬-૨૦૧૩)



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ, મા. શ્રી બાબુભાઈ ઝડફીયા (ચેરમેન - એ.એમ.ટી.એસ.) મા. શ્રી હર્ષદગીરી ગોસ્વામી (ચેરમેનશ્રી શિક્ષણ સમિતિ), મા. શ્રી શૌરીનભાઈ શાહ (ટ્રાન્સપોર્ટ મેનેજર), મા. શ્રી જીતુભાઈ મહેતા (ડાયરેક્ટર ઓફ ટ્રાફીક), મા. શ્રી મગનભાઈ પટેલ (સહ કાર્યવાહ - આર.એસ.એસ.) તેમજ સંતો-મહાનુભાવો તથા એ.એમ.ટી.એસ.ના અન્ય પદાધિકારીઓ.



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ મા.શ્રી બાબુભાઈ ઝડફીયા (ચેરમેનશ્રી એ.એમ.ટી.એસ.)નું ફૂલહારથી આશીર્વાદસહ સન્માન કરે છે.



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી મા.શ્રી ઝડફીયા સાહેબ સાથે એ.એમ.ટી.એસ. બસ સર્વિસનું આશીર્વાદ સહ ઉદ્‌ઘાટન કરે છે.





ઉપરોક્ત પ્રસંગે પ્રારંભિક પીરાણાથી કાલુપર ટર્મીનસ એ.એમ.ટી.એસ. બસ સર્વિસમાં મુસાફરી કરતા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી, મા. શ્રી બાબુભાઈ ઝફડીયા સાહેબ, અન્ય પદાધિકારીઓ તથા મહાનુભાવો (તા. ૧૯-૬-૨૦૧૩)

2013-07 -Satpanth Prakash (1413)

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18/05/2012.
Registered Under Postal Registration No. GAMC - 1830-2012-2014 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2014. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.
દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતુ માસિક

વિજ્ઞપ્તિ

આથી સત્પંથ પ્રકાશના વાચક મિત્રોને તથા બાલ-બાલિકાઓને જણાવવાનું કે
શ્રી સત્પંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરનો વિશેષ અંક
ઑગષ્ટ-૨૦૧૩ના માસમાં પ્રગટ થશે જેની સૌ વાચકોએ નોંધ લેવી.

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To,

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset,** B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**